Extra No. 246

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JULY 7, 2025 / ASHADHA 16, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી જુલાઇ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૩૦મી મે, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૧૮૫ યુડીયુએચડી/સીએમઓ/ઈ-ફાઇલ/૧૮/૨૦૨૩/૧૬૪૭/એમ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

Gujarat Municipalities Act, 1963

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી મે, ૨૦૨૫

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક. કેવી/૨૦૨૫નો ૧૮૫ યુડીયુએચડી/સીએમઓ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૩/૧૬૪૭/એમ: ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ગુજરાતના ૧૭મા)થી, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૬ની પેટા-કલમ (૩)ના ખંડ (ગ)માં સુધારો કર્યો છે, જેથી કરીને, બેઠકોની કુલ સંખ્યાના સત્તાવીસ ટકાના પ્રમાણમાં પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામતની જોગવાઈ કરી શકાય;

અને વસ્તી ગણતરી-૨૦૧૧ના આધારે જાહેર કર્યા પ્રમાણેના વાઘોડીયા નગરપાલિકાના વિસ્તારોની વસ્તી ગણતરીના આંકડા અનુસાર તેમજ અધિનિયમ, ૧૯૬૩ની કલમો ૬ અને ૭ની જોગવાઈઓને પણ ધ્યાનમાં રાખીને, વોર્ડ અને કાઉન્સિલરોની બેઠકોની સંખ્યા અને અનુસૂચિત જાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકોની સંખ્યા સુનિશ્ચિત કરવી જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૬ની પેટા-કલમો (૨) અને (૩) અને કલમ ૭ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૨૪ના સરકારી જાહેરનામા ક્રમાંક. કેવી ૨૦૨૪નો ૨૮૧ યુડીયુએચડી/એમવીડી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૩૦૫૭/મ રદ કરીને, ગુજરાત સરકાર, આથી, નીચે પ્રમાણે નક્કી કરે છે:-

(૧) વાઘોડીયા નગરપાલિકાના વિસ્તારો, ૬ વોર્ડમાં વિભાજિત થશે અને નગરપાલિકા ૨૪ કાઉન્સિલરોની બનશે:

(૨) કાઉન્સિલરોની ૨૪ બેઠકોમાંથી,-

(૧) ૨ બેઠકો, અનુસૂચિત જાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી ૧ બેઠક, અનુસૂચિત જાતિઓની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૨) ૪ બેઠકો, અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી ૨ બેઠકો, અનુસૂચિત આદિજાતિઓની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૩) ૫ બેઠકો, પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી ૨ બેઠકો, પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૪) ૧૨ બેઠકો, ઉપર ઉલ્લેખેલ (અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકોની સંખ્યા સહિત) સ્ત્રીઓ માટે અનામત રહેશે.

અપવાદ: આ જાહેરનામાના કોઈપણ મજકૂરથી, આ જાહેરનામાના આરંભ પહેલાં, વાઘોડીયા નગરપાલિકાના વોર્ડ અને બેઠકોના નિર્ધારણના સંબંધમાં કરેલા કોઈપણ કાર્યને અસર થશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મનિષ સી. શાહ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.12 15:16:24 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar